# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 16-06-2024 બપોરે : 1.20થી 1.30

વાર : રવિવાર

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

- ✓ જમ્મુ-કાશ્મીરની સુરક્ષાની સ્થિતિ અંગે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ગૃહ મંત્રાલયની સમીક્ષા બેઠક
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30મી જૂને “મન કી બાત” કાર્યક્રમની 111મી આવૃત્તિમાં દેશવાસીઓ સમક્ષ પોતાના વિચાર વ્યક્ત કરશે.
- ✓ ગંગા દશેરાના પાવન અવસરે પ્રયાગરાજ, વારાણસી, હરિદ્વાર સહિતના ગંગા ઘાટ પર શ્રદ્ધાળુઓની ભીડ.
- ✓ સિક્કિમમાં વરસાદ અને ભૂસ્ખલન થવાથી ફસાયેલા 1,200 જેટલા પ્રવાસીઓને બચાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે
- ✓ હવામાન વિભાગે દેશના ઉત્તર-પશ્ચિમી, મધ્ય અને પૂર્વ ભાગોમાં તીવ્ર ગરમીનું ઑરેન્જ અને રેડ એલર્ટ જાહેર કર્યું
- ✓ રશિયામાં રમાઈ રહેલી બ્રિક્સ ગેમ્સમાં મહિલા ટેબલ ટેનિસમાં કાંસ્ય ચંદ્રક સાથે ભારતે પહેલો ચંદ્રક જીત્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SHAH - J&K MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મૂ કાશ્મીરની સુરક્ષાને લઈને સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી છે. આ બેઠકમાં જમ્મુ-કાશ્મીરમાં હાલના દિવસોમાં વધી રહેલા આંતકી હુમલાઓ તેમજ અમરનાથ યાત્રા પર થયેલા આતંકી હુમલા વિશે કેન્દ્રીય મંત્રીને માહિતી આપવામાં આવી.

બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હા, કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લા, ઇન્ટેલિજેન્સ બ્યૂરોના નિર્દેશક ઉપરાંત ભારતીય સેનાના વડા જનરલ મનોજ પાંડે સહિતના વરિષ્ઠ સેના અધિકારીઓ ઉપરાંત જમ્મૂ કાશ્મીરના ડીજીપી તેમજ અન્ય અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યાં છે.

# PM - MANN KI BAAT

---

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 30મી જૂને આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત કાર્યક્રમ”ની 111મી આવૃતિમાં દેશવાસીઓ સમક્ષ પોતાના વિચાર વ્યક્ત કરશે.

સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ શ્રી મોદીનો આ પ્રથમ "મન કી બાત" કાર્યક્રમ હશે. આ કાર્યક્રમ માટે નાગરિકો તેમના વિચારો અને સૂચનો ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર રજૂ કરી શકશે. “નરેન્દ્ર મોદી એપ” અને MyGov Open Forum પર ઑનલાઈન માધ્યમથી પણ નાગરિકો તેમના મંતવ્ય ૨૮ જુન સુધી રજૂ કરી શકે છે.

મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી, દૂરદર્શન તથા A.I.R. ન્યૂઝ વેબસાઈટ અને NEWS ON AIR એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત A.I.R.

NEWS, DD News, P.M.O. તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પુનઃપ્રસારણ કરવામાં આવશે.

# *GANGA DASHERA*

ગંગા દશેરાના પાવન અવસરે આજે પ્રયાગરાજ, વારાણસી, હરિદ્વાર, ગઢમુક્તેશ્વર સહિત વિવિધ ગંગા ઘાટ પર શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ગંગા દશેરાના અવસરે શ્રદ્ધાળુઓએ ગંગા નદીમાં આસ્થાની ડૂબકી લગાવી હતી. વિવિધ ગંગા ઘાટ પર લોકો સવારથી જ સ્નાન માટે પહોંચી રહ્યા છે. ગંગા દશેરાને ધ્યાનમાં રાખી ઉત્તરપ્રદેશમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે જ્યેષ્ઠ શુક્લ દશમી તિથિએ ગંગા દશેરાની ઉજવણી કરવામાં આવે છે. સનાતન ધર્મની માન્યતાઓ અનુસાર, પોતાના પૂર્વજોના ઉદ્ધાર માટે ભાગીરથ આ દિવસે ગંગા નદીને ધરતી પર લઈને આવ્યા હતા. ત્યારથી જ ગંગા દશેરા પર ગંગા માતાની પૂજા અને નદીમાં આસ્થાની ડૂબકી લગાવવાની પરંપરા ચાલતી આવે છે.

ગંગા દશેરા પર ગંગામાં સ્નાન કરીને દાન-પુણ્ય કરવું પણ શુભ માનવામાં આવે છે.

# *EID AL ADHA*

સંયુક્ત આરબ અમીરાત અને વિશ્વભરના મુસ્લિમ સમુદાયના લોકો ઈદ અલ અધાની ઉજવણી માટે મકકા પહોચ્યા છે. ભારતમાં મુસ્લીમ સમુદાયના લોકો આવતીકાલે ઇદ અલ અધાની ઉજવણી કરશે.

ઈદ અલ અધા દર વર્ષે મનાવવામાં આવતા બે મુખ્ય ઈસ્લામિક તહેવારોમાંનો એક છે જેને બલિદાનનો તહેવાર પણ કહેવામાં આવે છે.

સાઉદી અરેબિયામાં, વાર્ષિક હજ યાત્રાની મુખ્ય વિધિ તરીકે અરાફાત પર્વત પરથી ઉતર્યા પછી 180 દેશોના ૧૭ લાખથી વધુ હજયાત્રીઓ ઇસ્લામમાં પવિત્ર ગણાતા ઉચ્ચ સ્થાન મુઝદાલિફા ખાતે એકત્ર થયા હતા .

## ***SIKKIM-EVACUATION***

સિક્કિમના મંગન જિલ્લાના લાચુંગમાં ભારે વરસાદ અને ભેખડ ધસી પડવાના કારણે માર્ગમાં ફસાયેલા અંદાજિત 1200 જેટલા પ્રવાસીઓને બચાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે .

રાજ્યના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન મંત્રી શિરિંગ ભૂટિયા વ્યક્તિગત રીતે બચાવ કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છેખરાબ હવામાનના કારણે બચાવ . કામગીરી માટે રોડરસ્તા અને હવાઈ માર્ગોના વિકલ્પો પર વિચાર કરવામાં આવી રહ્યો છે .

દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગે ગઈકાલે મેલ્લી બજારની મુલાકાત લીધી હતી અને પૂરના કારણે થયેલા નુકસાનની સમીક્ષા કરી હતી શ્રી . તમાંગે સિંચાઈ વિભાગ સાથે બચાવ પગલાં અંગે ચર્ચા કરી હતી.

## ***MID BREAK- NEWS- NATIONAL***

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

# ***J&K-NARCO-TERROR-NETWORK***

જમ્મુ અને કાશ્મીરમાં પોલીસ અને સેનાએ સાથે મળીને ગઈકાલે કુપવાડામાં માદક પદાર્થોની હેરાફેરી સાથે જોડાયેલા આતંકવાદીઓના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે .

આ સંબંધમાં ત્રણ લોકોની અટકાયત કરવામાં આવી છે. કુપવાડાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક શોભિત સક્સેનાએ વધુ માહિતી આપતા જણાવ્યું છે કે, આતંકવાદી સંગઠનો પૈસા એકઠા કરવા માટે માદક દ્રવ્યોની દાણચોરીમાં સંકળાયેલા છે.

પોલીસે ચોક્કસ માહિતીને  આધારે કરેલી કાર્યવાહી દરમિયાન માદક પદાર્થો સાથે બે લોકોની ધરપકડ કરી છેપોલીસે તપાસ કરતાં તેમની . પાસેથી માદક પદાર્થો , હથિયારો અને વિસ્ફોટકો મળી આવ્યા છે.

# ***IDF***

ઈઝારેયલ સુરક્ષાદળ-IDFએ દક્ષિણ ગાઝાપટ્ટી શહેર રફાહમાં થયેલા વિસ્ફોટમાં તેમના આઠ સૈનિકો માર્યા ગયા હોવાની જાહેરાત કરી છે.

IDFએ જણાવ્યું છે કે, રફાહના ઉત્તર-પશ્ચિમ જિલ્લામાં હમાસ વિરુદ્ધ રાત્રિના સમયે ઓપરેશન હાથ ધર્યા પછી સૈનિકો કાફલામાં આગળ વધી રહ્યા હતા. તે દરમિયાન નામર કોમ્બેટ એન્જિનિયરિંગ વાહનમાં થયેલા વિસ્ફોટમાં આઠ સૈનિકોના મોત નિપજ્યા હતા.

# ***WEATHER***

હવામાન વિભાગે દેશના ઉત્તર—પશ્ચિમી, મધ્ય અને પૂર્વ ભાગોમાં આજ માટે તીવ્ર ગરમીનું ઑરેન્જ અને રેડ અલર્ટ જાહેર કર્યું છે.

આવતા 2 દિવસ સુધી ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, બિહાર અને ઝારખંડના કેટલાક ભાગોમાં ગરમ હવા અને તીવ્ર ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે. હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઉત્તરાખંડમાં પણ આગામી 18 જૂન સુધી આવી જ સ્થિતિ રહેશે. દેશના પૂર્વોત્તરના ભાગોમાં અને પશ્ચિમ બંગાળમાં આગામી 6 દિવસ સુધી ભારે વરસાદનું અનુમાન છે.

જ્યારે આગામી ચાર દિવસ સુધી ગોવા અને મહારાષ્ટ્રમાં વિજળી અને ભારે પવન સાથે સામાન્ય વરસાદની સંભાવના છે. તો આ તરફ કર્ણાટક, કેરળ, લક્ષદ્વિપ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, પુડુચેરી તેમ જ અંદમાન અને નિકોબાર દ્વિપસમૂહમાં પણ આગામી પાંચ દિવસ આવી જ સ્થિતિ રહેશે.

## *ASSAM CM KAZIRANGA*

આસામના મુખ્યમંત્રી હિમંતા બિશ્વ સરમાએ પૂર દરમિયાન કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં જીવ-જંતુઓની સુરક્ષાની ખાતરી કરવા માટે ગઈકાલે પોલીસ તંત્ર, કાઝીરંગા ઉદ્યાન તંત્ર અને અન્ય અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે, કાઝીરંગામાં જીવજંતુઓની સુરક્ષા માટે ત્રણ નવા કમાન્ડોની ટુકડી તહેનાત કરવામાં આવી છે. વનવિભાગની ટુકડીના લગભગ 600 જવાન પૂર દરમિયાન તહેનાત રહેશે. મુખ્યમંત્રીએ પૂર પૂરથી કાઝીરંગા ઉદ્યાનની જમીનને થયેલા નુકસાનની પણ સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ઉદ્યાનની જમીનનો એક મોટો ભાગ નાશ પામ્યો છે. શ્રી સરમાએ જાહેરાત કરી કે, મામલાના સમાધાન માટે એક સંયુક્ત કાર્યદળ બનાવવામાં આવશે. આ દળ 45 દિવસની અંદર સરકારને અહેવાલ આપશે.

## *BRICS GAMES-KAZAN*

રશિયાના કઝાનમાં રમાઈ રહેલી બ્રિક્સ ગેમ્સમાં મહિલા ટેબલ ટેનિસમાં કાંસ્ય ચંદ્રક સાથે ભારતે પોતાનો પહેલો ચંદ્રક જીતી લીધો છે.

પોયમંતી બઈસ્ય, મૌમિતા દત્તા અને યાશીની શિવશંકરની ટીમે આ ચંદ્રક હાંસલ કર્યો છે. ભારતીય મહિલા ટેબલ ટેનિસ ટીમ સેમી-ફાઈનલમાં ચીન સામે 1-3થી હારી જતા કાંસ્ય ચંદ્રક મળ્યો હતો. કેન્દ્રિય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ભારતીય મહિલા ટીમને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

ઉલ્લેખનીય છે કે અનિર્બન ઘોષ, જીત ચંદ્ર અને સ્નેહિત સુરવજ્જુલાની ભારતીય પુરૂષ ટેબલ ટેનિસ ટીમ પાંચમા ક્રમાંકે છે.

# *T*20 *WORLD CRICKET CUP*

આઈસીસી ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે પહેલી મેચ ઑસ્ટ્રેલિયા અને સ્કૉટલેન્ડ વચ્ચે રમાઈ હતી. સ્કોટલેન્ડે પહેલા બેટિંગ કરતાં 5 વિકેટ ગુમાવી 180 રન બનાવ્યા હતા. જવાબમાં ઑસ્ટ્રેલિયાની ટીમે 5 વિકેટ ગુમાવીને 186 રન બનાવી જીત હાંસલ કરી હતી. ઑસ્ટ્રેલિયાની ટીમમાંથી સૌથી વધારે 68 રન ટ્રાવિસ હેડે બનાવ્યા હતા. જ્યારે માર્ક્સ સ્ટોઈનિસે 59 રન બનાવ્યા હતા. સ્કોટલેન્ડના માર્ક વૉટ અને સફયાન શરીફે બે—બે અને બ્રેડ વ્હીલે એક વિકેટ લીધી હતી.

પહેલા બેટિંગ કરતાં સ્કોટલેન્ડની ટીમમાંથી સૌથી વધારે 60 રન બ્રેન્ડન મેકમલને બનાવ્યા હતા. ત્યારબાદ રિચી બેરિન્ગટને 42 અને જ્યોર્જ મુન્સીએ 35 રન બનાવ્યા હતા. ઑસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલે બે,

એસ્ટન અગર, નથન એલિસ અને એડમ ઝમ્પાએ એક—એક વિકેટ લીધી હતી. આ મેચ દરમિયાન ઑસ્ટ્રેલિયાના માર્ક્સ સ્ટોઈનીસે 29 બૉલમાં 59 રન બનાવતા તેમને પ્લેયર ઑફ ધી મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

તો હવે આજની અન્ય એક મેચ પાકિસ્તાન અને આયર્લેન્ડ વચ્ચે રાત્રે ૮ વાગ્યાથી શરૂ થશે.

## *PM SMRUTI VAN UNESCO*

ગુજરાતના કચ્છમાં આવેલ સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલયની યુનેસ્કો પ્રિક્સ વર્સેલ્સ સંગ્રહાલય માટે પસંદગી થઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભુજના સ્મૃતિવન ભુકંપ સંગ્રહાલયની આ પસંદગી થવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સામાજિક માધ્યમ પર એક પૉસ્ટમાં કહ્યું કે, સ્મૃતિવન વર્ષ 2001માં આવેલા ભૂકંપમાં પોતાના જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, સ્મૃતિવનની પસંદગી થવાથી ભુજના ભૂકંપ તરફ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત થશે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આ ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે. કારણ કે, ગુજરાતના કોઈ સંગ્રહાલયને વૈશ્વિક માન્યતા મળી હોય તેવી આ પહેલી આ પહેલી તક છે. આ સંગ્રહાલયમાં સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃતિ સંરક્ષણને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુનેસ્કો પ્રિક્સ વર્સેલ્સ સન્માન દર વર્ષે અસાધારણ વાસ્તુકલા અને શિલ્પ માટે એનાયત કરવામાં આવે છે.

## *REV. AGRI – SHIVRAJ*

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગઈકાલે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી 18મી જૂને વારાણસી ખાતે PM-કિસાન સન્માન નિધિ યોજના હેઠળ નવ કરોડ ત્રણ લાખ ખેડૂતોના ખાતામાં લગભગ 20 હજાર કરોડ રૂપિયા જમા કરાવશે.

નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં અત્યાર સુધીમાં 11 કરોડ ખેડૂતોના ખાતામાં ત્રણ લાખ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે.

શ્રી ચૌહાણે કહ્યું કે, તેમણે 18મી જૂને પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં સામેલ થવા માટે તમામ મુખ્યમંત્રીઓને પત્ર લખ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી તેમણે મંત્રાલયના અધિકારીઓ સાથે ખેડૂતોના કલ્યાણ સાથે સંબંધિત દરેક મુદ્દે ચર્ચા કરી છે.

## *VICE PREZ. PRERNA STHAL*

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડ આજે સંસદ ભવન પરિસરમાં નવા બનેલા પ્રેરણા–સ્થળનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભાના ઉપ–સભાપતિ હરિવંશ નારાયણ સિંહ અને સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂ પણ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ માટે લોકસભા અને રાજ્યસભાના તમામ સભ્યોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સંસદ ભવન પરિસરમાં મહાન નેતાઓ અને સ્વાતંત્ર્ય

સેનાનીઓની પ્રતિમાઓને એક જ સ્થળ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પ્રેરણા સ્થળનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# GOVT - THREE NEW LAWS

કેન્દ્ર સરકાર દ્વારા આજે કોલકાતામાં 'ફોજદારી ન્યાય પ્રણાલિનાં સંચાલનમાં ભારતની પ્રગતિ' વિષય પર પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે.

કાયદા અને ન્યાય મંત્રાલયે જણાવ્યું છે કે, આ પરિષદનો હેતુ પ્રશ્નોતરી સત્રો દ્વારા ત્રણ નવા ફોજદારી કાયદા- ભારતીય ન્યાયસંહિતા, 2023, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, 2023નાં મુખ્ય પાસાઓ પર પ્રકાશ પાડવાનો છે.

ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ડિસેમ્બરમાં રાષ્ટ્રપતિએ ઉપરોક્ત ત્રણેય નવા કાયદાઓને મંજૂરી આપી હતી, જેનો અમલ આગામી પહેલી જુલાઇથી થશે. મંત્રાલયે જણાવ્યું છે કે, કાનૂની બાબતોના વિભાગે છેલ્લાં બે મહિનામાં આ કાયદાઓ અંગે જાગૃતિ ફેલાવવા નવી દિલ્હી અને ગુવાહાટીમાં બે મોટી પરિષદો યોજી છે.